Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Oct 2017, Year - 5 (66)
www.researchreviewonline.com Paper ID: RRJ878221

# ગુલામ મોહમ્મદ શેખની કવિતા

**સંશોધક**
**ક્રિષ્નાબેન કાંતિભાઈ શાંડપા**
**આસીસ્ટન પ્રોફેસર**
**ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા**

ગુલામ મોહમ્મદ શેખ (૧૯૩૭) વડોદરામાં ચિત્રકલાના ભારત કક્ષાએ વિખ્યાત કલાકાર – અધ્યાપક રહ્યા છે. તેમનો 'અથવા' કાવ્યસંગ્રહ અનુભૂતિ તેમજ અભિવ્યક્તિની દૃષ્ટિએ આધુનિકતાનો કલાત્મક સ્પર્શ કરાવે છે. ચિત્રકલાની ઊંડી પોતાની કલાકીય જાણકારીનો લાભ તેમની કવિતામાં સઘન રીતે અનુભવી શકાય છે. 'ક્ષિતિજ' અને 'વિશ્વમાનવ'માં ૬૨-૬૩ના સમયગાળામાં તેમનાં કેટલાંક કાવ્યો પ્રગટ થયાં હતાં. 'કબ્રસ્તાન', 'જેસલમેર વિષયક કાવ્યો', 'મૃત્યુ', 'અંધકાર અને હું', 'કવિ' વગેરે કાવ્યો કોઈને કોઈ પ્રકારના સર્જનવિશેષથી નોંધપાત્ર બન્યાં છે. વિખ્યાત ચિત્રકલાકારો જેરામ પટેલ તથા જયોતિ ભટ્ટનાં રેખાંકનો પર તેમની કવિતાએ ચોક્કસ અનુભૂતિ આકારી છે. રંગ અને શબ્દનો સમન્વય કેવો સાક્ષાત્કાર બને છે તે નીચેની પંક્તિઓમાં જોઈ શકાય છે. જેમકે–

"બાવળના કાળા થડિયે પડેલી તિરાડોમાં
આરામથી સૂતેલ
રાતી કીડીઓ પર
નવા ફૂટેલ પાનની લીલાશ વરસી રહી છે."(અથવા પૃ. ૪૧)

સાતમા અને આઠમા દાયકા દરમ્યાન પ્રગટ થયેલી આધુનિક કવિતા મૂલ્યહ્રાસ, આત્મવિંડબના, વ્યર્થતા, લાચારી અને વિભક્તતાનાં સંવેદનો ગાય છે. આધુનિક કવિ સમાજ સાથે અને પોતાની જાત સાથે વિદ્રોહ પ્રગટ કરે છે. તે માટે તે કટાક્ષ, વ્યંગ્ય અને વક્રોક્તિનો આશ્રય લે છે. નગર પ્રત્યેનો તિરસ્કાર, નગરજીવનનાં ધૃણાસ્પદ ચિત્રો દ્વારા



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-66-october-2018/RRJ878221

વ્યક્ત થાય છે. શિષ્ટ-અશિષ્ટ કે અશ્લિલનો ભેદ અદશ્ય થઈ જાય છે. શેખ જાગતિક સંદર્ભમાં આત્મનિરીક્ષણ કરતા કવિ છે.

તેઓ સમસ્ત માનવજાતિની વેદનાને વાચા આપે છે. આ કવિ ઈન્દ્રિયસંવેદ્ય કલ્પનો પણ યોજે છે. 'સ્મૃતિ' કાવ્યમાં મૂકેલું કીડીનું પ્રતીક જુઓ :-

"ખાંડના ગાંગડા પર પડેલ પાણીના ટીપાની ઘટ્ટતામાં
મીઠાશ પી પીને મરી ગઈ એક કીડી,
આંખમાંથી એક પાતળું, મોળું ટીપું નીચે પડયું
એને મેં ટાંકણીથી કોચી જોયું
કીડીઓ કીડીમાં કંટાળીને બેસી રહી."(અથવા પૃ. ૧૮)

ગુલામ મહોમ્મદ શેખ ચિત્રકળાની જાણકારીનો ઉપયોગ કવિતામાં કરે છે. જેસલમેરનો ચિત્રકાવ્યોમાં રંગ અને રેખાનું આધુનિક સંવેદના સાથે મિશ્રણ કરીને કેવી કલાત્મકભાત ઊભી કરે છે તેનો નાનકડો નમૂનો જોઈએ –

"કઠણ પથરા અણી ઢાલ જેવી ધીંગી ભીંતો
ઊંટની કોડ જેવા ઘડયા ઝરૂખા,
આંગણાં લીંપ્યાં પૂર્વજોના લોહીથી,
વારસામાં મળેલ
સૂરજનો સોનેરી કટકો વાટી
ઘૂંટયો કેસરિયો રંગ,
પટારેથી 6ઠોરચું કસુંબીનું પાત્ર,
પછી સંભારણાં ગટગટાવતા,
વૃદ્ધ-પડછાયા ઢળી પડયા.."(અથવા પૃ . ૫૪)

'કબ્રસ્તાનમાં' એ રચનામાં કલ્પનોની ગોઠવણીમાંથી તેની ભીષણ શાપ્તિનું વિકૃક્ષ ચિત્ર ઊપસી આવે છે. જેમકે-

"ઉપર, નીચે આજુબાજુ, હવાનાં ઢીલાં-



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-66-october-2018/RRJ878221

અંગોને ભીંસતી, ગરનાળે વસતા
હડકાયા કૂતરાની આંખોની જેમ ભસતી,
આ શાન્તિ કાદવની જેમ-
બધે પથરાઈ ગઈ છે કોઈ દેખાતું નથી,
બસ, કાદવ, કાદવ, કાદવ..... " (અથવા પૃ. ૩૧)

જેરામ પટેલ તથા જયોતિ ભટ્ટનાં રેખાંકનો પર તેમણે રચેલાં કાવ્યો, ચિત્રને શબ્દની રેખાઓમાં પરિવર્તિત કરીને તેમાંથી વિશિષ્ટ મિજાજ ઉપસાવતી નિર્ભ્રાન્તિ અને વ્યર્થતાની અનુભૂતિને આકૃત કહે છે. જેમકે-

"મોજાં વહીં ગયા બાદ મેં કૂતરાને પથ્થરા માર્યો,
કારણ કે કૂતરાના શરીર નીચે કોરી રહીં ગયેલી રેતીના
સ્તનીય વળાંકોને જોવાની વાસના-હું દાબી શકું તેમ નહોતો.
પરંતુ જયારે કૂતરો ઊઠયો
ત્યારે મોજાં ખાડા પરથી સીધી લીટીમાં વહીં ગયેલાં દેખાયાં.

તેથી મેં બૂમ પાડી
પકડો, પકડો
પણ એ તો
એક નગ્ન સુંદરીના સ્તનના પડછાયામાં માથું ખોસી
આરામથી ઊંઘવા માંડયો હતો."(અથવા પૃ. ૨૫)

શેખની બાનીમાં રહેલી ઘનતા અને નક્કર આધુનિક કવિતાની અનોખી સિદ્ધિ છે. 'મૃત્યુ'નું ચિત્ર એ દષ્ટિએ સ્મરણીય બની રહે છે. કવિની માકફ ભાવકને "આછરેલા પાણીના અરીસામાં ટગર ટગર તાકતું' મૃત્યુ સામે જ ઊભેલું જણાય છે. આટલી તાદશતા આધુનિક કવિઓમાં બહું ઓછા કવિઓ સિદ્ધ કરી શક્યા છે.



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-66-october-2018/RRJ878221

કવિ સુરેશ જોષીના કરતાં ગુલામ મહોમ્મદ શેખનાં પ્રતીક અને કલ્પનોમાં વૈવિધ્ય અને ગતિશીલતા વિશેષ જોવા મળે છે. તેમનો 'અથવા' કાવ્યસંગ્રહ અનુભૂતિને અભિવ્યક્તિને લગતી આધુનિકતાની ખાસિયાતોને સચોટ ઉઠાવ આપે છે. ઉમાશંકર જોષી નોંધે છે કે – "યંત્રયુગની ભીંસની વચ્ચે વિશ્વના નાગરિકો તરીકે આપણે જીવીએ છીએ તેની સચોટ પ્રતીતિ આપણે કરાવી શક્યા છીએ. કળાકારો સમાજના અગ્રયામી છે. આજની કારમી વેદના ઉપજાવતી પરિસ્થિતિમાં આપણું રદય વિશ્વના ચૈતન્ય સાથે બધકે છે."(અ.ગુ. સા. ઇતિહાસ પૃ. ૭૬)

## સંદર્ભસૂચિ

1. ગુલામ મોહમ્મદ શેખ પ્ર.આ.૧૯૭૪
2. રમેશ ત્રિવેદી, અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ચોથી આ. ૨૦૦૬



Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-66-october-2018/RRJ878221